For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સ્વચ્છતાના સર્વેક્ષણની સાથે સાથે ટીમના અધિકારીઓ દ્વારા સુરતની આ ગંદકીનું પણ સર્વેક્ષણ જરૂરી છે....

અડાજણ, દિવાલી બાગ

ઉધના, બીજેપી કાર્યાલય

અંબિકા હેવન, ડીંડોલી

જહાંગીરપુરા, તુલસીવાન રો-હાઉસ

રાંદેર રોડ

■ સ્વચ્છતા સર્વેક્ષણ માટેની ટીમ સુરતમાં હાલમાં સરવે કરી રહી છે ત્યારે સુરતમાં ક્યાં ક્યાં ગંદકી છે તેની વધુ તસવીરો અત્રે રજૂ કરવામાં આવી છે. સુરતમાં માત્ર કાગળ પર નહીં પરંતુ હકીકતમાં પણ સ્વચ્છતાં દેખાય તે જરૂરી છે. તો જ સ્વચ્છતામાં ખરો નં.1 ગણાશે **(તસવીરઃ હેમંત ડેરે)**

કેન્દ્રીય ભૂગર્ભ જળ બોર્ડના અહેવાલમાં ઘટસ્ફોટ

દરિયાનું ખારું પાણી તટીય સુરતના પેટાળમાં ઊતરી રહ્યું છે

ગુજરાતના ભૂગર્ભ જળમાં ખારાશ અને રસાયણોનો ખતરો વધ્યો

કેટલાક વિસ્તારોમાં યુરેનિયમનું વધતું પ્રમાણ ચિંતાજનક

ગુજરાતમિત્ર વિશેષ

સુરત : સીજીડબ્લ્યુબી વર્ષ ૨૦૨૫-૨૬ની વાર્ષિક અહેવાલમાં દેશના ભૂગર્ભ જળની ચિંતાજનક સ્થિતિ સામે આવી છે. અહેવાલ

અનુસાર ગુજરાતના ભૂગર્ભ જળમાં ખારાશ, નાઇટ્રેટ અને અન્ય રસાયણોની માત્રા વધી રહી છે. ખાસ કરીને સૂરત જેવા તટીય વિસ્તારોમાં સમુદ્રનું ખારું પાણી જમીન હેઠળના જળસ્ત્રોતોમાં પ્રવેશી રહ્યું હોવાનું સામે આવ્યું છે. સાથે જ રાજ્યના કેટલાક વિસ્તારોમાં યુરેનિયમનું પ્રમાણ પણ મર્યાદા કરતાં વધુ નોંધાયું છે.

અહેવાલ મુજબ દેશનું આશરે ૨૮.૩ ટકા ભૂગર્ભ જળ હવે પીવાના પાણી માટે નક્કી કરાયેલા બીઆઇએસ ધોરણો પર ખરું ઊતરતું નથી. તેમાં સૌથી ચોંકાવનારી બાબત યુરેનિયમ પ્રદૂષણને લઈ સામે આવી છે. અહેવાલમાં જણાવાયું છે કે ઉત્તર-પશ્ચિમ ભારતના રાજ્યો સાથે ગુજરાતના 'ઓવર-એક્સપ્લોઇટેડ' એટલે કે અતિશય પાણી ઉપસાવવામાં આવતા વિસ્તારોમાં પણ ભૂગર્ભ જળમાં યુરેનિયમ મળી આવ્યું છે. સીજીડબ્લ્યુબીના અહેવાલ મુજબ રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ગુજરાત, તમિલનાડુ, આંધ્રપ્રદેશ અને કર્ણાટકના કેટલાક વિસ્તારોમાં ભૂગર્ભ જળમાં યુરેનિયમનું પ્રમાણ સલામત મર્યાદાથી વધુ નોંધાયું છે. નિષ્ણાતો મુજબ લાંબા સમય સુધી આવા પાણીનો ઉપયોગ માનવ આરોગ્ય માટે ગંભીર ખતરો ઊભો કરી શકે છે. અહેવાલમાં જણાવાયું છે કે યુરેનિયમ અને ફ્લોરાઇડ જેવી હાનિકારક તત્વોની વૃદ્ધિ પાછળ બે મુખ્ય કારણો જવાબદાર છે. પ્રથમ ભૂગર્ભીય કારણો છે, જેમાં પથ્થરો અને ખનિજોના કુદરતી ક્ષયથી આ તત્વો પાણીમાં ભળી જાય છે. જ્યારે બીજું કારણ માનવસર્જિત છે. ખેતીમાં ખાતરો અને રાસાયણિકોના અતિરેક ઉપયોગને કારણે નાઇટ્રેટનું પ્રમાણ વધી રહ્યું છે. ઉપરાંત, ઊંડા બોરવેલ મારફતે સતત પાણી ખેંચાતા જમીનની ઊંડાઈમાં રહેલા ભારે ધાતુઓ ઉપરની જળસ્તરોમાં આવી રહ્યા છે.

સૂરત અને દક્ષિણ ગુજરાતમાં સમુદ્રી ખારાશ સાથે ઔદ્યોગિક પ્રદૂષણ પણ જવાબદાર

અહેવાલમાં ગુજરાતના તટીય અને અર્ધ-શુષ્ક વિસ્તારોની સ્થિતિને નાજુક ગણાવવામાં આવી છે. રાજ્યમાં ખાસ કરીને ખારાશ અને ઇલેક્ટ્રિકલ કંડક્ટિવિટીની સમસ્યા વધી રહી છે. સૂરત જેવા તટીય અને ઔદ્યોગિક શહેરોમાં ભૂગર્ભ જળની ગુણવત્તા પર બેવડો દબાણ ઉભો થયો છે. તટીય વિસ્તાર હોવાના કારણે અહીં સમુદ્રી પાણી જમીન નીચેના જળસ્ત્રોતોમાં પ્રવેશી રહ્યું છે, જેને 'સીવોટર ઇન્ટ્રુઝન' તરીકે ઓળખવામાં આવે છે. તેના કારણે પાણીમાં ખારાશનું પ્રમાણ વધી રહ્યું છે. બીજી તરફ ઔદ્યોગિક વિસ્તારોમાં નાઇટ્રેટનું પ્રમાણ પણ બીઆઇએસ દ્વારા નક્કી કરાયેલી ૪૫ મિલીગ્રામ પ્રતિ લિટરની મર્યાદા કરતાં વધુ નોંધાયું છે.

સુરત માટે ભવિષ્યમાં પરિસ્થિતિ ગંભીર બનવાની શક્યતા

અહેવાલમાં જણાવાયું છે કે ગુજરાતના જે વિસ્તારોમાં પાણીનો ઉપસાવ રિચાર્જ કરતાં વધુ છે, ત્યાં ભૂગર્ભ જળમાં યુરેનિયમનું પ્રમાણ ૩૦ પીપીબીની સલામત મર્યાદા વટાવી રહ્યું છે. રાજ્યના પાણીના નમૂનાઓમાં ફ્લોરાઇડની વધુ માત્રા ૧૩.૯૨ ટકા અને નાઇટ્રેટની વધુ માત્રા ૧૮.૦૪ ટકા નોંધાઈ છે. જોકે અહેવાલમાં સૂરત જિલ્લાને અત્યંત પ્રભાવિત શ્રેણીમાં મૂકવામાં આવ્યો નથી, પરંતુ ઝડપથી વધી રહેલા શહેરીકરણ, ઉદ્યોગોના વિસ્તરણ અને વધતા ભૂગર્ભ જળ ઉપયોગને કારણે ભવિષ્યમાં પરિસ્થિતિ વધુ ગંભીર બનવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

નાઇટ્રેટથી કેન્સર, યુરેનિયમથી આંતરડાના રોગોનું જોખમ

વિશેષજ્ઞો અનુસાર ભૂગર્ભ જળમાં વધતા પ્રદૂષકો માનવ આરોગ્ય માટે ગંભીર જોખમ ઉભું કરી રહ્યા છે. પાણીમાં નાઇટ્રેટનું વધતું પ્રમાણ 'બ્લૂ બેબી સિન્ડ્રોમ' તેમજ કેન્સર માટે જવાબદાર બની શકે છે. જ્યારે આર્સેનિક ફેફસા, મૂત્રાશય અને ચામડીના કેન્સરનું જોખમ વધારે છે. યુરેનિયમના કારણે આંતરડાના કેન્સરનું જોખમ વધે છે. તે ઉપરાંત કાર્બોનેટ, બાઇકાર્બોનેટ અને વધુ કઠોરતા કિડનીમાં પથરી સર્જી શકે છે, જ્યારે સીસું અને લોખંડની વધુ માત્રા કિડની, લિવર અને હૃદયને નુકસાન પહોંચાડી શકે છે. સૂરત

...અનુસંધાન પાના 15 પર

રેઇન વોટર હાર્વેસ્ટિંગ અને વધુ વૃક્ષારોપણની જરૂરિયાત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગના નિવૃત્ત વિભાગાધ્યક્ષ પ્રો. એસ.કે. ટાંકના જણાવ્યા મુજબ, પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે વરસાદી પાણીના સંગ્રહ, રેઇન વોટર હાર્વેસ્ટિંગ, વધુ વૃક્ષારોપણ અને ભૂગર્ભ જળ રિચાર્જ માટે તાત્કાલિક અસરકારક પગલાં લેવાની જરૂર છે.

જેલમાંથી ભાગી ગયા બાદ 12 વર્ષ સુધી ફિલ્મોમાં કામ કર્યું

પેરોલ જમ્પ કર્યા પછી અમિતાભ અને આમિર ખાન સાથે પણ ફિલ્મમાં કામ કર્યું

રૂપેરી પડદાના કલાકારની ફિલ્મ જેવી જ અસલી કહાની બહાર આવી

અમદાવાદ : રૂપેરી પડદાના કલાકારની ફિલ્મ સ્ટોરી જેવી જ સત્ય હકીકત બહાર આવી છે. 12 વર્ષ સુધી ચાલેલી આ ઘટના ફિલ્મી કહાનીથી કમ નથી તેમ પણ કહી શકાય એવું છે. આ ઘટનાની મળતી માહિતી

...અનુસંધાન પાના 15 પર

પેરોલ જમ્પ કરી ફરાર થઈ ગયો

હેમંત નગીનદાસ મોદીએ વર્ષ 2005માં નરોડા વિસ્તારમાં હત્યાનો ગુનો આચર્યો હતો. કેસ ચાલ્યા બાદ કોર્ટે તેને આજીવન કેદની સજા ફટકારી હતી.ત્યારબાદ તેને મહેસાણા જેલમાં મોકલવામાં આવ્યો હતો.જેલમાં સજા ભોગવતા ભોગવતા હેમંત સંપૂર્ણપણે તૂટી ગયો હતો. તેણે પોતાની પત્નીને કહી દીધું હતું કે હવે મારું આખું જીવન જેલમાં જ પસાર થવાનું છે. આ વાત સાથે તેણે પત્નીને છુટાછેડા પણ આપી દીધા હતા, પરંતુ છુટાછેડા બાદ હેમંતના મનમાં ફરીથી જીવન જીવવાનો વિચાર આવ્યો. વર્ષ 2014માં પેરોલ પર બહાર આવ્યા બાદ તેણે જેલમાં પરત જવાની જગ્યાએ સીધો પેરોલ જમ્પ કરી દીધો અને ફરાર થઈ ગયો.

મુંબઈ જઈ અભિનેતા બની ગયો

ફરાર થયા બાદ હેમંત મુંબઈ પહોંચી ગયો હતો. જ્યાં તેણે પોતાની ઓળખ છુપાવી ફિલ્મ અને નાટ્ય જગતમાં કામ શરૂ કર્યું હતું. ચોંકાવનારી વાત એ છે કે વર્ષો સુધી આરોપી ફિલ્મો, સિરીઝ અને નાટકોમાં અભિનય કરતો રહ્યો છતાં પોલીસ પણ તેને ઓળખી શકી નહોતી.તપાસમાં સામે આવ્યું છે કે હેમંત મોદીએ ઠગ્સ ઓફ હિન્દુસ્તાન, જયેશભાઈ જોરદાર સહિત અનેક ફિલ્મોમાં કામ કર્યું હતું. સાથે જ અલગ અલગ નાટકો અને સિરીઝમાં પણ તેણે અભિનય કર્યો હતો. ફિલ્મી દુનિયામાં એક સામાન્ય સ્ટ્રગલિંગ એક્ટર તરીકે જીવતો હેમંત હકીકતમાં હત્યાના ગુનામાં સજા પામેલો ફરાર આરોપી હતો.

આ જાણીતી ફિલ્મમાં કામ કર્યું

લાહોર 1947, ઠગ્સ ઓફ હિન્દુસ્તાન, જયેશભાઇ જોરદાર, એલ2: એમ્પુરાન, ફૂલસ્ટોપ, 53મું પાનું, કોઠી 1947, મલુમાડી

રોકડા ૧.૧૬ લાખ ભૂલથી બીજાના મોપેડમાં મૂકી દીધા!

એક સરખા રંગની મોપેડની ડિકી અન્ય ચાવીથી ખૂલી પણ ગઇ

મોટા વરાછાના જમીન દલાલને ઉગ્રાણ પોલીસે રૂપિયા પરત આપ્યા

સુરત : ઉમરાગામ (વેલંજા) ખાતે રહેતા એક જમીન દલાલ ઉગ્રાણ વિસ્તારમાં જમવા ગયા ત્યારે ભૂલથી અજાણ્યા વ્યક્તિના વાહનની ડીકીમાં પોતાના ૧,૧૬,૦૦૦ મૂકીને ઘર ભેગા થઈ ગયા હતા. જોકે, પોલીસે ત્વરિત કાર્યવાહી કરી આ નાણાં શોધી કાઢ્યા છે.

ઉગ્રાણ પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, વેલંજાના ઉમરાગામ ખાતે આવેલી શુભવિલા સોસાયટીમાં રહેતા ૫૨ વર્ષીય જમીન દલાલ પોપટભાઈ ઉકાભાઈ દુધાત ગત તા. ૧૬/૦૫/૨૦૨૬ ના રોજ રાત્રે આઠેક વાગ્યાના સુમારે પોતાના પરિવાર સાથે મોટા વરાછા, મહાદેવ ચોક સ્થિત 'સૂર્યા ઢોસા' ખાતે જમવા ગયા હતા. આ દરમિયાન તેઓએ પોતાના સ્પ્લેન્ડર બાઇકની ડીકીમાં રાખેલા ૧,૧૬,૦૦૦/- પોતાના દીકરાની એક્ટિવાની ડીકીમાં શિફ્ટ કરવા માટે બહાર કાઢ્યા હતા. પરંતુ, ત્યાં જ એક વિચિત્ર સંયોગ સર્જાયો હતો. તેમના દીકરાની એક્ટિવાની બાજુમાં જ એક બીજા અજાણ્યા માણસની એક સરખા રંગની એક્ટિવા પાર્ક કરેલી હતી. રાત્રિના અંધારા કે ઉતાવળમાં પોપટભાઈની ચાવી આ અજાણ્યા વ્યક્તિની એક્ટિવાની ડીકીમાં લાગી ગઈ હતી અને તેઓ ભૂલથી આખી રકમ તે અજાણ્યા વાહનની ડીકીમાં જ મૂકીને ચાલ્યા ગયા હતા. ઘરે પહોંચીને જ્યારે દીકરાની એક્ટિવાની ડીકી તપાસી ત્યારે તેમાં રૂપિયા ન મળતા પોપટભાઈના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. આ બનાવની જાણ થતાં ઉગ્રાણ પી.આઈ. એચ.આર. ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમ તુરંત એક્શનમાં આવી હતી.

સર્વેલન્સ સ્ટાફના પો.સ.ઈ. ડી.ડી. રાઠોડ, આસિસ્ટન્ટ હેડ કોન્સ્ટેબલ હરપાલસિંહ કાનુભાઈ તથા પોલીસ

...અનુસંધાન પાના 15 પર

અટોદરામાં બોગસ હોસ્પિટલ અને ક્લિનિક ઝડપાયું, ચારની ધરપકડ

બોગસ તબીબ દંપતી 'શ્રી હેલ્થ કેર ક્લિનિક' અને 'વંશ જનરલ હોસ્પિટલ' ચલાવી રહ્યું હતું

સાયણઃ ઓલપાડ પોલીસે તાલુકા હેલ્થ અધિકારી ડો.ચિરાગ પટેલ અને સાંઘીએર પ્રા.આ. કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો.રાજેશ ગુર્જરની ટીમે અટોદરા ચોકડી પાસે બોગસ ક્લિનિક અને હોસ્પિટલ ચલાવી માનવ આરોગ્ય સાથે ચેડાં કરતા બોગસ તબીબ દંપતી સાથે અન્ય બે શખ્સ મળી કુલ ચાર આરોપીની ધરપકડ કરી હતી. જેના પગલે ઝોલાછાપ ડોક્ટરોમાં ફફડાટ ફેલાયો છે.

ઓલપાડ પોલીસે નોંધેલા બોગસ ડોક્ટર ગુના પ્રકરણની પ્રથમ ઘટના મુજબ અટોદરા ચોકડીથી અટોદરા ગામ તરફ જતા રોડ ઉપર ઓબીર્ટ સ્કૂલની બાજુમાં સાંત્વન રેસિડેન્સીના પ્લોટ નં.૪ની દુકાનમાં 'શ્રી હેલ્થ કેર ક્લિનિક'માં ચાંદની ગુપ્તા દવાખાનું ચલાવતી હતી. જેની પાસે મેડિકલ ડિગ્રી ન હતી. ગત બુધવાર, તા.૨૦ના રોજ સાંજે ૬:૪૫ કલાકે તાલુકા આરોગ્ય અધિકારી ડો.ચિરાગ કે.પટેલ અને સાંઘીએર પ્રા.આ.કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો.રાજેશ કે.ગુર્જર ઓલપાડ પીએસઆઇ ડી.બી.દેસાઈની

...અનુસંધાન પાના 15 પર

ધરપકડ કરાયેલા ચાર આરોપી

- ચાંદની જીતુ શાહુ ગુપ્તા (ઉ.વ.૨૩) (હાલ રહે.,ઘર નં.૧૬૯, સાંત્વન રેસિડન્સી, અટોદરા, મૂળ રહે., કંખેર, જિ.ઔરંગાબાદ, યુ.પી.)
- રાજેન્દ્ર હીરાભાઇ વાજા (ઉ.વ.૩૬) (મૂળ વતન-ઇન્દિરાનગર, મીલ્બા રોડ, હનુમાન મંદિરની બાજુમાં, જૂનાગઢ)
- સુનીલ ગંગારામ ભામરે (ઉ.વ.૩૦) (હાલ રહે., ઘર નં.૨૬૦, હિદાયતનગર સોસાયટી, પાલનપુર જકાતનાકા, રાંદેર, સુરત, મૂળ વતન-ચોપડા, જિ.જલગાંવ-મહારાષ્ટ્ર
- લક્ષ્યાંક પિનાકિન મહેતા (ઉ.વ.૨૭) (હાલ રહે., ઘર નં.ઈ(૦૫), ૭૦૩, ગ્રીનસિટી પાલ-ભાઠા રોડ, સુરત શહેર)

આજે-કાલે રાજ્યમાં વરસાદની આગાહી

2 મેના રોજ નવસારી, વલસાડ, ડાંગ તેમજ દમણ, દાદરા અને નગર હવેલીમાં હળવાથી મધ્યમ વરસાદ પડશે

અમદાવાદ : ગુજરાતમાં ઉનાળાની ગરમીનો કહેર યથાવત રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યના અનેક શહેરોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી ઉપર નોંધાયું છે. અમદાવાદમાં આજે 44 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાતા શહેર ગરમીના તીવ્ર પ્રભાવ હેઠળ રહ્યું હતું.

અમદાવાદ અને આસપાસના વિસ્તારો માટે હવામાન વિભાગે આગામી સવારે 8:30 વાગ્યા સુધી આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેવાની શક્યતા વ્યક્ત કરી છે. શહેરમાં મહત્તમ તાપમાન આશરે 43 ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના દર્શાવવામાં આવી છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે છેલ્લા 24 કલાક દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો, જ્યારે રાજ્યના બાકીના વિસ્તારોમાં તાપમાનમાં ખાસ ફેરફાર નોંધાયો નહોતો. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતા વધુ નોંધાયું છે.

હાલ દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ઉત્તર સીમા અરબી સમુદ્ર અને બંગાળની ખાડીના વિસ્તારો તરફ આગળ વધી રહી છે. આગામી 3થી 4 દિવસ દરમિયાન ચોમાસું દક્ષિણ-પૂર્વ અરબી સમુદ્ર, કોમોરિન વિસ્તાર અને બંગાળની ખાડીના વધુ વિસ્તારોમાં આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. આ સાથે પશ્ચિમ વિક્ષેપની અસર યથાવત રહેતા રાજ્ય ઉપર નીચલા સ્તરે પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે.

હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી 7 દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં ખાસ ફેરફાર થવાની શક્યતા નથી. રાજ્યના કેટલાક વિસ્તારોમાં આગામી દિવસોમાં પણ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી ઉપર રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

...અનુસંધાન પાના 15 પર

જુદાં જુદાં શહેરોનું તાપમાન

રાજકોટ	43 ડિગ્રી
સુરેન્દ્રનગર	43 ડિગ્રી
અમરેલી	43 ડિગ્રી
કંડલા એરપોર્ટ	43 ડિગ્રી
ગાંધીનગર	42 ડિગ્રી
વિદ્યાનગર	42 ડિગ્રી
ભૂજ	41 ડિગ્રી
ડીસા	41 ડિગ્રી
ભાવનગર	40 ડિગ્રી
વડોદરા	40 ડિગ્રી
નલિયા	37 ડિગ્રી
કંડલા પોર્ટ	37 ડિગ્રી
કેશોદમાં	37 ડિગ્રી
દમણ	37 ડિગ્રી
પોરબંદર	35ડિગ્રી
સુરત	35 ડિગ્રી
મહુવા	34 ડિગ્રી

સુરત એરપોર્ટ પર ભારતીય સેનાના હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડિંગ

ટેકનિકલ ખામી સર્જાતાં વડોદરાથી નાસિક જતું હેલિકોપ્ટર સુરક્ષિત ઉતારાયું, ચારેય સૈનિકો સુરક્ષિત

સુરતઃ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ગુરુવારે બપોરે ભારતીય સેનાના હેલિકોપ્ટરની ઈમરજન્સી લેન્ડિંગ કરાવવાની ઘટના સામે આવી હતી. ઉડાન દરમિયાન ટેકનિકલ ખામી સર્જાતાં પાયલોટે સાવચેતીના ભાગરૂપે તાત્કાલિક સુરત એરપોર્ટ પર હેલિકોપ્ટર ઉતારવાનો નિર્ણય લીધો હતો. ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી અને હેલિકોપ્ટરમાં સવાર તમામ સૈનિકો સુરક્ષિત હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

એરપોર્ટ ઓથોરિટી પાસેથી મળતી માહિતી મુજબ, ભારતીય સેનાનું હેલિકોપ્ટર IA-1165 ગુરુવારે બપોરે અંદાજે 3:21 વાગ્યે વડોદરા એરફોર્સ સ્ટેશનથી નાસિક જવા માટે રવાના થયું હતું. હેલિકોપ્ટરમાં ચાર સૈનિકો સવાર હતા. ઉડાન દરમિયાન અચાનક ટેકનિકલ ખામી જણાતાં પાયલોટે નજીકના એરપોર્ટ તરીકે સુરત એરપોર્ટનો સંપર્ક સાધ્યો હતો. એર ટ્રાફિક કંટ્રોલ તરફથી તાત્કાલિક મંજૂરી મળતાં હેલિકોપ્ટરને સુરક્ષિત રીતે રન-વે પર ઉતારવામાં આવ્યું હતું. ઈમરજન્સી લેન્ડિંગને પગલે એરપોર્ટ પર થોડીવાર માટે સતર્કતા વધારવામાં આવી હતી અને સુરક્ષા એજન્સીઓ દોડી આવી હતી.

ઘટના બાદ સીઆઈએસએફ તથા એરપોર્ટ સાથે જોડાયેલી અન્ય એજન્સીઓ દ્વારા સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવામાં આવી હતી. સાથે જ સેનાના ટેકનિકલ અધિકારીઓએ હેલિકોપ્ટરની તપાસ શરૂ કરી હતી. પ્રાથમિક તપાસમાં ટેકનિકલ ખામીના કારણે સાવચેતીરૂપ પગલું લેવાયું હોવાનું સામે આવ્યું છે.સૂત્રોના

...અનુસંધાન પાના 15 પર

ગણદેવીના ખાપરવાડાની કશિશની એશિયન-કોમનવેલ્થ ગેમ્સ માટે પસંદગી

હૈદરાબાદના અમલલપુરમમાં નેશનલ સ્કોટ એથ્લેટિક્સમાં ગોલ્ડ મેડલ મેળવ્યો

બીલીમોરાઃ ગણદેવી તાલુકાના ખાપરવાડા ગામની દીકરી કુમારી કશિશ હિતેશભાઈ છગનભાઈ રાઠોડે રમતગમત ક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી સમગ્ર સમાજ, પરિવાર અને ગામનું નામ રોશન કર્યું છે. હૈદરાબાદના અમલલપુરમ ખાતે યોજાયેલી નેશનલ સ્કોટ એથલેટિક સ્પર્ધામાં કશિશે ગોલ્ડ મેડલ જીતી પોતાની પ્રતિભાનો પરચો આપ્યો હતો. કશિશ હિતેશભાઈ રાઠોડ અને પ્રતિભાબેનની દીકરી છે. બાળપણથી જ રમતગમત પ્રત્યે ખાસ રસ ધરાવતી કશિશે સતત મહેનત, કઠોર તાલીમ અને આત્મવિશ્વાસના બળ પર આ મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. નેશનલ સ્તરની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવતા પરિવારજનો અને સમાજમાં ખુશીની લાગણી વ્યાપી ગઈ હતી.

આ સિદ્ધિ સાથે કશિશે વધુ એક ગૌરવપૂર્ણ મુકામ હાંસલ કર્યો છે. માહ્યાવંશી સમાજના ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ દીકરી એશિયન ગેમ્સ અને કોમનવેલ્થ ગેમ્સ માટે પસંદગી પામી હોવાનું જણાવવામાં આવ્યું છે. જેના કારણે સમગ્ર વિસ્તારમાં ગર્વની લાગણી જોવા મળી રહી છે. કશિશની આ સિદ્ધિ યુવા ખેલાડીઓ માટે પ્રેરણારૂપ બની છે. ગામડાની દીકરીઓ પણ યોગ્ય મહેનત અને સંકલ્પથી આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની ઓળખ બનાવી શકે છે તેનું જીવંત ઉદાહરણ કશિશે પૂરું પાડ્યું છે. કશિશની આ ભવ્ય સફળતા બદલ સમાજના આગેવાનો, મિત્રો તથા શુભેચ્છકોએ અભિનંદન પાઠવી તેના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

વેસુમાં દર્શન કરવા જતી મહિલાનો બે લાખનો અછોડો તૂટ્યો

સુરત : શહેરના વેસુમાં ભગવાનના દર્શન કરવા નીકળેલી મહિલાને બાઇકર્સે ભોગ બનાવી તેના ગળામાંથી રૂપિયા 2 લાખની કિંમતનો અછોડો તોડી લીધો હતો.

વેસુ કેનાલ રોડ પર આવેલી સ્ટાર ગેલેક્ષી રેસિડેન્સીમાં રહેતા રમેશભાઈ રામનારાયણ રાખી કાપડના મોટા વેપારી છે. ગત તારીખ ૨૦મી મેના રોજ વહેલી સવારે ૬:૦૦ થી ૬:૧૫

...અનુસંધાન પાના 15 પર

અવસાન,બેસણું,શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીકસ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧
છેલ્લા પાને ₹૧૮૦૦/- | અંદરના પાને ₹૧૫૦૦/- | છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-
ફીકસ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને ₹ ૪૫૦૦/- | અંદરના પાને ₹ ૩૦૦૦/- | છેલ્લા પાને કલર ₹ ૫૨૦૦/-
(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦

નવમી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી

આપશ્રી હયાત નથી પણ હરપળ સાથે છો એવુ હરદમ લાગ્યા કરે છે, હરક્ષણે આપના હસતા ચહેરાનો આભાસ થયા કરે છે, યાદોમાં તમારા ચહેરાના દર્શન થયા કરે છે, પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રભુને પ્રાર્થના.

લિ.
પંકજકુમાર કરશનભાઈ પટેલ (ભાઈ)
ધ્રુવકુમાર પંકજભાઈ પટેલ (ભાણેજ)
મીનાબેન કરશનભાઈ પટેલ (માતા)
જાગૃતિબેન કરશનભાઈ પટેલ (બહેન)
મુ.પો. આંબાબારી, તા. વાંસદા, જી.નવસારી

સ્વ. યોગેશભાઈ કરશનભાઈ પટેલ
સ્વ.તા. ૨૨/૦૫/૨૦૧૭
મુ. પો. આંબાબારી